**સેશન્સ કેસ નંબરઃ– ૧૩ /૨૦૨૧**
**આંક –૬૭**

| સેશન્સ કેસ નંબરઃ– ૧૩ /૨૦૨૧ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| મારુ નામ | બારોટ જયંતીલાલ રાવતાજી | | | |
|---|---|---|---|---|
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9712634004 |
| ઉંમર આશરે | ૬૦ | વરસની | ધંધો | બારોટનો ધંધો |
| રહેવાનુ | શિવનગર તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | એસ.કે.જોષી |

(૧) ડીસા પોલીસે ચાર પાંચ વર્ષ પહેલા અમોને પંચમાં બોલાવેલા. એક મર્ડર થઈ ગયેલુ હતુ તે મર્ડર સુરેશભાઈ પ્રવિણભાઈ બારોટનું થયેલુ હતું. તે વખતે બીજા એક મારા ભાઈ મારી સાથે હતા. તેમનું નામ સુરેશકુમાર પીરાજી બારોટ હતા જેઓ મરણ ગયેલ છે અને જેઓનો મરણનો દાખલો લાવેલ છું. પોલીસ સ્ટેશનમાં મને કપડા બતાવેલા.પોલીસે કપડાને શુ કરેલુ તેની મને ખબર નથી. જે કપડા મે જોયેલ તે ખૂન વાળા હતા. કપડા રજુ કર્યા તે કેવા કલરના હતા તેની મને ખબર નથી.

જે મરણનો દાખલાની ઝેરોક્ષ રજુ કર્તા તરીકે મારી સહી કરુ છું, જે રજુ દાખલ **આંક:૬૮** આપવામાં આવે છે.

મને માર્ક:૬/૧૯વાળું મરણજનારના કપડાનું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી તથા બીજા પંચ તરીકે મરણ જનાર સુરેશભાઈની સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૬૯** આપવામાં આવે છે.

મુદામાલ મને બતાવવામાં આવે તો હું ઓળખી શકુ નહી કારણ કે ઘણો સમય થઈ ગયેલ હોવાથી.

સાહેદની સહી............................

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:જી વાળી સફેદ કલરની સીલબંધ બેગી નામ.કોર્ટ તથા પક્ષકારોના સમક્ષ ખોલી બતાવતા તેમાંથી નીકળેલ એક શર્ટ જોતા જે શર્ટ પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ, તેમાંથી નીકળેલ કાપલી મને બતાવવામાં આવે છે , જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા બીજા પંચ તરીકે મરણ જનાર સુરેશભાઈની સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૭૦</u>** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:એચ વાળી સફેદ કલરની સીલબંધ બેગી નામ.કોર્ટ તથા પક્ષકારોના સમક્ષ ખોલી બતાવતા તેમાંથી નીકળેલ એક આસમાની કલરનું જીન્સનું પેન્ટ જોતા જે પેન્ટ પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ, તેમાંથી નીકળેલ કાપલી મને બતાવવામાં આવે છે , જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા બીજા પંચ તરીકે મરણ જનાર સુરેશભાઈની સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૭૧</u>** આપવામાં આવે છે.

મને નામ.કોર્ટની કસ્ટડીમાંથી મુદામાલ માર્ક:આઈ વાળી સફેદ કલરની સીલબંધ બેગી નામ.કોર્ટ તથા પક્ષકારોના સમક્ષ ખોલી બતાવતા તેમાંથી નીકળેલ એક માસ્ક જોતા જે બહારના ભાગે બલ્યુ કલરનુ સફેદ કલરની લીટીઓ વાળું, જે માસ્ક પોલીસે મારી હાજરીમાં કબજે કરેલ નથી, તેમાંથી નીકળેલ કાપલી મને બતાવવામાં આવે છે , જેમાં પંચ નં.૧ તરીકે મારી તથા બીજા પંચ તરીકે મરણ જનાર સુરેશભાઈની સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **<u>આંક:૭૨</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. ડી.આઈ.કોન્ટ્રાક્ટર</u>**

(૨) એ વાત ખરી છે કે મરણ જનાર સુરેશભાઈ પ્રવિણભાઈ બારોટ મારા તથા બીજા પંચ ના કાકાના દિકરા ભાઈનો દિકરો હતો. એ વાત ખરી છે કે આ દિકરો ગુજરી ગયાના સમાચાર સાંભળ્યા એટલે અમો બધા કુટુંબના માણસો અને સબંધીઓ પોલીસ સ્ટેશન ગયેલા. એ વાત ખરી છે કે ત્યાં પોલીસના સાહેબે તમારે પંચમાં રહેવાનું

સાહેદની સહી............................

છે તેમ કહી ઘણા બધા કાગળોમાં સહીઓ કરાવેલી. એ વાત ખરી છે કે હું કોઈ વસ્તુ જોઈને બોલતો હોઉ અને તે પ્રમાણે પોલીસ લખતી હોય તેવુ બનેલુ નથી. એ વાત ખરી છે કે ત્યાં કુટુંબના માણસો વચ્ચે એવી વાત થયેલી કે જે હોશિયાર માણસ હોય તે પંચનામામાં પંચ તરીકે સહી કરવી તેથી મારે અને સુરેશભાઈએ પંચનામામાં સહી કરવી તેવુ નકકી થયેલું. એ વાત ખરી છે કે અમે જે સહી કરી ત્યારે જે કપડા ત્યાં હતા તે કપડાની સીલીંગની કે પેકીં ગ કરવાની કોઈ કાર્યવાહી મારી હાજરીમાં થયેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી હાજરીમાં પેક થયેલા. કપડા મે ખોલીને જોયેલા. મે કપડા જોયા તેમાં પેન્ટ કે શર્ટ ફાટેલુ હતુ કે કેમ? તે યાદ નથી. એ વાત ખરી છે કે તેના કલર પણ મને યાદ નથી. મરણજનાર મારો ભત્રીજો થતો હોવાથી હું પંચમાં રહેલો. એ વાત ખરી છે કે મરણજનારના કેસમાં તેને મદદ થાય તેથી હું પંચમાં રહેલો. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં કોઈ કપડા પેક કરવામાં આવેલ ન હોવા છતાં એ હકીકત ખોટી જણાવુ છું. એ વાત ખરી છે કે મે તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી તે સિવાય કશુ જાણતો નથી.

**વિશેષ ઉલટતપાસ નથી..**
**ફેર ઉલટતપાસ નથી.**
**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. ના.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................
સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા<br>તા. ૧૭–૧૧–૨૦૨૫ | (કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી............................